# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




કૌભાંડો ના કચરાથી, ભારત ને સ્વચ્છ બનાવો!
લાગવગ ના લકવાથી ભારત ને સ્વચ્છ બનાવો!
સ્વચ્છ બનાવો ભારતને કટ્ટરવાદના વિષથી -
દેહથી નહી આત્માથી ભારત ને સ્વચ્છ બનાવો..

### હાઈકુ

ફૂંક માં હતો -
શરણાઇ નો જાદુ -
સાજમાં નહીં..
(પૂ. બિસ્મીલાહની શરણાઇ ચોરાઇ)
- એક સમાચાર)

.. ને ભેગા ભેગી,
લ્યો! થઇ જશે સાફ -
તિજોરી પણ..
(અમ્યુકોનો
આવકારોત્સવ)

## ચિંતન

**શ્રી કૃષ્ણઃ પૂતનાયાઃ સ્તન મલપિબત્કાલ કૂટેન પૂર્ણ પ્રસ્કન્નં ભૂપ્રદેશે કિમપિ ચ પિબતો યત્ત દાતસ્ય વક્ત્રાત્ ।**
**તસ્મા દેષા તમાખુઃ સુરવર પરમોચ્છિષ્ટ મેતદુરાપં ગ્રૈયઃ સ્તુત્વા નવા મિલિત્વા હૃતિશમતિમુદા સેવ્યતે વૈષ્ણવા ॥**

'હળાહળ કાલકૂટથી ભરેલા પૂતનાનું સ્તનપાન ભગવાન શ્રી કૃષ્ણએ કર્યો ત્યારે તે ઝેર પીતાં પીતાં થોડું એક-બે ટીપાં જેટલું ઝેર નીચે ધરતી પર પડી ગયું. અને તે જ આ 'તમાકુ' સ્વરૂપે ઉગ્યું. માટે આ તો ભગવાનના મુખારવિંદમાં પડેલું એનું ઉછિષ્ટ પ્રસાદી સ્વરૂપ જ આ 'તમાકુ' છે. એટલે આ પ્રસાદ તો ઘણી બધી મુશ્કેલી પછી જ મળે છે, એવું ઉત્તમ-વૈષ્ણવો કહીને 'તમાકુ'ના વખાણ કરી, તેને માથે ચઢાવી, બધા વૈષ્ણવ પૂજારી-બ્રાહ્મણો અત્યંત હર્ષ સાથે ભેગા મળી તેનું સેવન કરે છે.'

સામાન્યતઃ જોવા મળ્યું છે કે ઘણા હવેલી પંથના વૈષ્ણવો પિતાબરમાં કેડ પાસે ભેટમાં ચૂનો-તમાકુની ડબ્બી રાખી સતત એનું સેવન કરતા હોય છે અને આ વ્યસનના સેવન માટેની બચાવ પ્રયુક્તિ તરીકે 'તમાકુ' ને કૃષ્ણ પ્રસાદ તરીકે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે.

## સુવિચાર

- તુજ સુખની મહેફીલમાં તું સહુને નોંતરજે, પણ જમજે અશ્રુનો થાળ એકલો, હોંશીલા જગને હસાવવા તું તેડું કરજે, સંઘરજે ઊરની વરાળ એકલો - **મૂળદાસ**
- હે ભગવાન!!! ...મને એવી જ વેદના આપજે જેને માટે હું લાયક હોઉં જે મારા માટે સાર્થક હોય - **તોલ્સ્ટોઈ**
- આનંદની સીડીનું પહેલું પગથિયું સુખ છે, છેલ્લું પગથિયું મજા છે, અને વચ્ચેના પગથિયાઓમાં જલસો છે - **પ્રવિણ દરજી**
- દાંપત્ય જીવનની સફળતાનો આધાર જેટલો સ્નેહ તેટલો જ સમજદારી પર રહેલો છે - **ધૂમકેતુ**
- લોકોથી બનેલો સમાજ એ સાગર છે અને આપણે એમાંની માછલીઓ છે, આપણે એ સાગરમાં તરી શકીએ એટલો જ વખત આપણે એમાં ટકી શકીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઇ જનાર સંદેશવાહક- **ડોંગરેજી**
- આપણને એવી કેળવણીની જરૂર છે જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, મનની શક્તિની વૃદ્ધિ થાય, બુદ્ધિનો વિકાસ થાય, અને જેનાથી વ્યક્તિ ખૂદ આત્મનિર્ભર બને - **એ.પી.જે. કલામ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ગાડી-બંગલા-સમૃદ્ધિ અનેક પદો સામાજિક-સાંસ્કૃતિક હોદ્દાઓના આપણે માલિક મનમાં ખાંડ ખાતા હોઇએ છીએ આ બધું મેં મારી બુદ્ધિ અને ચતુરાઇથી માયાનું સર્જન કર્યું છે અને હું આનો માલિક છું..

સૂફી સંત ફરીદ (ઇ.સ. ૧૧૭૨થી ૧૨૯૫) અફઘાનિસ્તાનમાં વસતા હતા. સરળ અને સાત્ત્વિક વિચારધારાના માલિક હતા. જીવનને જોવાની તેમની પાસે આગવી દૃષ્ટિ હતી.

એક ગામમાંથી શિષ્યમંડળ સાથે પસાર થતા હતા ત્યારે એક માણસ ગાયને બાંધી જતો હતો. ગાય આગળ હતી માણસના હાથમાં લાકડી હતી તે એની પાછળ-પાછળ જતો. ફરીદે આ જોયું - ને શિષ્યોને પ્રશ્ન પુછ્યો : આ માણસ ગાયને બાંધીને લઇ જાય છે કે ગાય માણસને બાંધી લઇ જાય છે.

શિષ્યો હસ્યા. એકે હિંમતથી કહ્યું 'દેખીતું જ છે? કે માણસ એનો માલિક છે ને ગાયને બાંધી લઇ જાય છે.'

ફરીદ કહે - જો હું એ દોરડું વચ્ચેથી કાપી નાખું તો ગાય માણસ પાછળ દોડશે કે માણસ ગાય પાછળ દોડશે?! હવે શિષ્યોના કપાળે કરચલી પડી. વિચાર્યું... વાત તો સાચી છે... માણસ જ એના પાછળ દોડશે..

ફરીદ કહે - માયાનું બંધન પણ આવું જ છે બહારથી એમ લાગે આપણે એને બાંધી છે બાકી આપણે જ એના બંધનમાં છીએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# દીકરી પિયરમાં પારકી થાપણ કહેવાય, સાસરિયામાં પારકી જણી, તો પછી એનું સાચું સ્થાન ક્યાં...?

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

'બળ્યો આ સ્ત્રીનો અવતાર...' ક્યારેક સ્ત્રીઓના મોઢેથી આવા નિસાસા સાંભળવા મળે છે. આ નિસાસામાં તેની ભારોભાર વેદના છલકે છે. પણ આપણુ સામાજીક માળખુ જ એવું છે કે સ્ત્રી હંમેશા પુરૂષોના આધિપત્યમાં જ રહેલી આવી છે. એ બચપણથી જ એવા વાતાવરણમાં ઉછરે છે જયાં તેને સતત એવો અહેસાસ થાય કે આ જગતમાં પુરૂષો જ એક માત્ર શક્તિશાળી છે અને સ્ત્રીઓએ તેના તાબેદાર થઇને રહેવાનું છે. પિયર પક્ષમાં તેની માતા તેને હંમેશાં ટોક્યા કરે છે કે આપણું કામ ઘરને સાચવવું અને પતિપરાયણ થઇને રહેવાનું હોય છે. પતિ સામે ઊંચા અવાજે આપણે કયારેય બોલી ન શકી. જીવનના વહેવારો નિભાવવામાં ડગલે ને પગલે આપણે પતિનો જ સહારો લેવો પડે. એને ખોટું ન લાગે કે લાગણી ન દુભાય એની સાવધાની આપણે રાખવી જોઇએ. એટલું જ નહીં તેના દીર્ઘાયુષ માટે વટસાવિત્રી વ્રત, કેવડાત્રીજ વ્રત, જીવંતિકા વ્રત, સોળ સોમવાર આ બધા વ્રતો તેણે કરવા જોઇએ. ઘણાની એવી માન્યતા હોય છે કે દીકરીને ગમે તેટલા લાડ લડાવીએ પણ અંતે તો એ પારકી થાપણ જ કહેવાય.

આપણે પારકી થાપણ સચવાય એટલી સાચવવાની પછી એ પોતાનું ઘર વસાવી લે એટલે આપણી જવાબદારી પુરી. કોઇ વાર પિયરની ઉડતી મુલાકાત લે એટલું જ, એ પણ પતિની ઇચ્છા હોય તો જ.... આ જ દીકરી પરણીને સાસરે જાય અને કોઇ બાબતમાં વાંકુ પડે ત્યારે સાસુ કે નણંદ મેણા મારે કે વહુ એટલે વહુ એ કંઇ દીકરી થોડી થાય? અંતે તો પારકી જણી ને? આમ દીકરી પિયરમાં પણ પારકી અને સાસરિયે પણ પારકી જ ગણાય તો પછી એનું પોતાનું કોણ? એનું પોતાનું ઘર કયું? અને છતાં યુવતીઓમાં એવી જન્મજાત શક્તિ રહેલી હોય છે કે તેઓ આ બંને પરિસ્થિતિ સામે કામ પાર પાડી લે છે.

સ્ત્રીઓનો અવતાર આમેય સંકટો સહન કરવા અને આપત્તિઓ સામે અનુકૂળ થવા સર્જાયો છે. પરિવારમાં સર્જાતી પ્રત્યેક સમસ્યામાં અંતે સહન કરવાનો વારો સ્ત્રીઓને જ આવે છે. આપણે પરંપરાથી માનતા આવ્યા છી કે કાર્યેષુ મંત્રી, કર્મેસુ દાસી, ભોજયેષુ માતા અને આ બધું સહન કર્યા પછી પણ શયનેષુ રંભા બને ત્યારે જ તેનો અવતાર પૂર્ણ ગણાય. આપણી ઋષિ પરંપરામાં પણ કણ્વેશ ઋષિએ પોતાની દત્તક પુત્રી શંકુતલાને શિખામણ આપેલી કે તારો પતિ તારી સાથે અઘટીત વહેવાર કરે કે તારી અવગણના કરે તોય તું વિપરીત વર્તન કરીશ નહી કારણ કે આમ કરવાથી તું બંને કુળને દુ:ખી કરીશ. મતલબ દીકરી સાસરે ગયા પછી પણ તેને પિયરના ગમા અણગમાનો ખ્યાલ રાખવો જોઇએ.

આપણે 33 % મહિલા અમાનતની વાતો કરીએ છીએ પણ આ કાયદો પસાર કરવામાં કેટલી બધી અડચણો આવી? કેટલીક જગ્યાએ પંચાયત કે નગરપાલિકામાં મહિલા નગરપતિ કે મહિલા મેયરનો વહીવટ તેમના પતિદેવો જ કરતા હોય છે. ગુજરાતમાં અસંખ્ય સમાચારપત્રો કે મેગેઝીનો બહાર પડે છે તેના તંત્રીઓ કેટલા? સ્ત્રી સશક્તિકરણની વાતો કરવામાં આપણે બહુ પાવરધા છીએ પણ સ્ત્રીઓને હક્કો આપવામાં દુનિયામાં આપણે નંબર ૧૧૫મો આવે છે. જાપાન જેવા પ્રગતિશીલ દેશમાં પણ પાર્લામેન્ટમાં સ્ત્રીઓની સંખ્યા પાંચ ટકા જેટલી પણ નથી. યત્ર નાર્યઃ તુ પુજયન્તે... માં શ્રદ્ધા રાખતા ભારતમાં પણ પાર્લામેન્ટમાં સ્ત્રીઓનું પ્રમાણ ગૌરવ અપાવે તેવું તો નથી જ. આપણે સ્ત્રી સશક્તિકરણની જાહેરાતમાં જેટલા નાણા વેડફીએ છીએ એટલા નાણા સ્ત્રી કલ્યાણમાં વાપરીએ તો કોઇકનું તો કલ્યાણ થાય જ. પણ એ શક્ય નથી કારણ કે આપણો સમાજ પુરૂષ પ્રધાન છે માટે જ સ્ત્રી અપમાનીત થતી રહી છે. દાસી બનીને ઘરકામ કરતી રહી છે. પરિવારની ઇજ્જત સાચવવાની જવાબદારી પણ તેની છે. બાળ ઉછેરની જવાબદારી પણ તે નીભાવે છે, તે વહેવારો સાચવે છે, પરિવારને અકબંધ રાખવાની જવાબાદરી નીભાવે છે. છતાં સાસરિયામાં કંઇક વાંકુ પડે તો તેને પિયરનો રસ્તો બતાવી દેવાય છે. પણ પિયરથી તેને એવા સંસ્કાર મળ્યા છે કે દીકરી તો સાસરિયે જ શોભે. પરિણામે નથી તેના માટે પિયરમાં સહારો કે નથી સાસરે. પછી તેનો અંત આવે છે નર્મદા કેનાલમાં સાસરે ઝઘડા થતા એક પરિણિત દીકરી પિયરમાં આવી જતાં દીકરીનું શું થશે એ ચિંતાથી ભયભીત બનેલા પિતાએ આત્મ હત્યા કરી લીધાની ઘટનાને હજુ બહુ વર્ષો વિત્યા નથી. યુવતીઓની કેવી લાચારી? તે કોઇના પર અધિકાર જમાવીને વાત કરી શકતી નથી કે હુકમ કરી પોતાનું ધાર્યું કરાવી શકતી નથી. છતાં કુદરતે તેને ગજબની સહનશીલતા આપી છે જેના કારણે તે ટકી રહે છે. તેને સાસરિયાંમાં એડજેસ્ટ થવાનું છે, સાસુ-સસરા સાથે, દિયર નણંદ સાથે, જેઠ-જેઠાણી સાથે, પરિવાર સાથે, પડોશીઓ સાથે અને છેલ્લે પતિની તો તમામ લાયકાતો કે ગેરલાયકાતો નિભાવી લેવાની કુશળતા તો કેળવવી જ રહી. છતાં ૪૦ વર્ષે પણ તેના દાંપત્યજીવનમાં ખટરાગ ઊભો થાય તો 'તું તારે પિયર ચાલી જા, તારા જેવી સત્તર લાવી દઇશું,' આ સાંભળવાની તૈયારી રાખવી પડે છે. કારણ કે આટલા ત્યાગ પછી પણ સાસરી પક્ષ તેને પારકી જ ગણે છે.

પ્રશ્ન એ છે કે સ્ત્રી સમાનતાની વાતો કરનારા આપણે વાસ્તવિક જીવનમાં કેમ બે ડગલા પાછળ ચાલીએ છીએ? બે સંતાનોની માતા બન્યા પછી કે ઘટના બધા વ્યવહારો પતાવ્યા પછી એને પિયરની વાટ બતાવવામાં આપણો આત્મા કેમ ડંખતો નથી? સ્ત્રી કાયમ ઓશિયાળી રહેવા જ સર્જાઇ છે? અગ્નિ સાક્ષીને લીધેલી પ્રતિજ્ઞાઓ કેમ આપણને યાદ રહેતી નથી? જીંદગીની કડવી વાસ્તવિકતાઓનું ઠીકરું તેના માટે જ કેમ ફોડવામાં આવે છે?

ભારતીય સંસ્કૃતિ, બાળકીઓનું ઘડતર, એમને અપાતા સંસ્કાર સહનશીલતાના પાઠ જ શીખવાડે છે પરિણામે ગ્રામ્ય વિસ્તારમાં હજુ પડ્યુ પાનુ નીભાવી લેવાની રસમ ચાલી આવે છે. આ બાબતે સ્ત્રીઓ વધુ સહન કરે છે. શહેરના એક ડોકટરના એકસ્ટ્રા મેરીટલ સંબંધો પત્ની સહન કરે છે, જો તેનો વિરોધ કરે તો ડોકટર તેને છુટાછેડા આપવાની ધમકી આપે છે. પિયરમાં માતાપિતા મૃત્યુ પામ્યા છે પરિણામે તે પતિની આવી હરકતો સહન કરે જાય છે. જાયે તો જાયે કહાં? જયારે લંડનમાં એક યુવતીએ પતિની દુષ્પ્રવૃત્તિઓ સામે લડત આપવાનો નિર્ધાર કર્યો અને સ્લટવોક (અશ્લિલ દેખાવ) દ્વારા જાહેર માર્ગ પર ફરી પતિની ધરપકડ કરવા માગણી કરી... અને પતિની શાન ઠેકાણે આવી ગઇ આ પાશ્ચાત્ય સંસ્કાર છે. ઇન્ડિયામાં સ્ત્રીઓ આવું વિચારી પણ ન શકે. સ્ત્રીઓ પોતાના અધિકાર માટે મક્કમ નહિ બને તો વર્તમાન પરિસ્થિતિમાં એવું જીવન નર્કાગાર જેવું બની રહેશે પારકી થાપણ અને પારકી જણી માન્યતાઓનો છેડ ઉડાડવાનું કામ તેણે જાતે જ કરવું પડશે તો જ તે પોતાનું સાચું સ્થાન પ્રસ્થાપિત કરી શકશે. જીંદગી આખી ઢસરડા કર્યા પછી પણ સુપુત્રો કપાતર પાકે ત્યારે તેનું સ્થાન વૃદ્ધાશ્રમમાં હોય છે. જાણે જીંદગીમાં તેના માટે પોતાનુ કહી શકાય તેવું સ્થાન જ નથી...

# જો આ જન્મમાં પૂણ્ય કર્યા હશે તો આવતા જન્મમાં સારું, સુખી જીવન પ્રાપ્ત થશે અને જો પાપ કર્યા હશે તો ઘણાં પુનર્જન્મોમાં સારા કર્મો કરવાની તક મળશે

## કષ્ટ, મરણ અને મૃત્યુ બાબત હિન્દુ અભિગમ

**લેખક - દામોદરલાલ શર્મા**

**અનુવાદ - સુરેશ દા. શર્મા દ્વારા**

(ગતાંકથી આગળ...)

હિન્દુ ધર્મ સનાતન ધર્મીઓને માર્ગદર્શન આપે છે. આપણા વિચારો વડે આપણે પરિસ્થિતિઓનો પરિણામ સુખદાઇ અથવા દુખદાઇ જેવું ઇચ્છીએ તેવું પ્રાપ્તકરી શકીએ છીએ અને તેમ કરતાં ઉચ્ચકોટીના કાર્યો સિદ્ધ કરી શકીએ છીએ. હિન્દુ ધર્મશાસ્ત્રોના માર્ગદર્શન સિદ્ધાંતો બે બાબતો ભારપૂર્વક જણાવે છે કે (અ) મૃત્યુ એક સ્વાભાવિક પ્રક્રિયા છે જેનો ડર ન રાખવો જોઇએ ખરેખર તો તેને આવકારવો જોઇએ તથા (બ) કષ્ટરહિત જીવન હોઇ શકતું નથી તેથી જીવનમાં આનંદ અને સુખની જેમ કષ્ટ અને દુઃખ પણ સહર્ષ સ્વીકારવા જોઇએ. આ સિદ્ધાંતોની પુષ્ટી કરવા શાસ્ત્રોમાં સેંકડો વાસ્તવિક, કાલ્પનિક અને પૌરાણિક પાત્રો દ્વારા વાર્તાઓ વડે આ સમજ આપવામાં આવી છે. આ વાર્તાઓમાં પાત્રોએ મૃત્યુને સહર્ષ સ્વીકાર્યો છે, આવકાર્યો છે એટલું જ નહીં પણ ઘણાએ તો તેને આમંત્રણ આપ્યું છે અને પોતે આવતી પેઢીને જવાબદારીઓ સોંપીને કષ્ટમાંથી મુક્તિ મેળવી છે.

● પ્રસાદ અને દૈવિક જળ

અસાધ્ય રોગ થયો હોય અને દારૂણ કષ્ટ સહન કરતા મૃત્યુશય્યા પર પડેલો હિન્દુ હિંમત હારતો નથી પણ મક્કમતાથી પરિસ્થિતિને સહર્ષ અંગીકાર કરે છે. ખરેખર તો એ, વિશેષ આવશ્યકતાઓ પરિપૂર્ણ થાય તો, આનંદની લાગણી અનુભવે છે. મુખ્યત્વે હિન્દુઓ શાકાહારી હોય છે, અમુક મરજાદી તો ખાનપાનના એવા કડક નિયમો રાખે છે. ઇંડા અને પનીરને તો અડતા પણ નથી. હિન્દુઓમાં સામાન્ય રિવાજ પ્રમાણે ભોજન ગ્રહણ કરતાં પહેલાં તેને પોતાના ઇષ્ટદેવને આરોગવા આવ્હાન કરે છે અને ઇષ્ટદેવે તેને આરોગ્યું છે એટલે તેની વાસ લીધી છે તેમ માનીને ભોજનને ઇષ્ટદેવના પ્રસાદ તરીકે ગ્રહણ કરે છે. ભોજન પછી હિન્દુઓ પાણીથી હાથ ધોઇ કોગળા કરે છે પણ તેમ ન કરતી વિશેષકર પાશ્ચાત્ય સંસ્કૃતિઓના લોકોને તે અસ્વચ્છ માને છે કારણ કે તે સંસ્કૃતિઓમાં ભોજન પછી હાથ રૂમાલ વડે લુંછવાની પ્રથા છે.

હિન્દુઓ ગંગા નદીને અને તેના જળને દૈવિક પવિત્ર માને છે. જયારે પણ કોઇ ઉપાધી થાય ત્યારે તેઓ એક ઘુંટડો કે પછી એક ચમચી કે છેવટે એક ટીપું ગંગાજળ પી ને સંતોષ માને છે અને શાંતિ અનુભવે છે. મૃત અથવા મરણશય્યા પર પડેલા હિન્દુના મુખમાં એક બે ટીપા ગંગાજળ પિવડાવવાનો રિવાજ છે. હિન્દુઓ મૃતદેહને દફ્નાવતા નથી પણ અગ્નિદાહ આપે છે. અગ્નિસંસ્કાર પહેલા દેહને સ્નાન કરાવવામાં આવે છે અને અગ્નિસંસ્કાર પછી દેહની અસ્થિઓને ગંગાજીના તટ પર વસેલા પવિત્ર નગરોમાં બિરાજમાન ગંગાજીમાં સમર્પિત કરવામાં આવે છે.

● કર્ણોપકર્ણ

હિન્દુઓના બધા ધર્મશાસ્ત્રો ભારતની પ્રાચીન સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે. સંસ્કૃત ભાષામાં વ્યાકરણના નિયમો સ્પષ્ટ છે અને તે સામાન્ય અભણ વ્યક્તિ માટે ક્લિષ્ટ હોય છે પણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે (૧) જીવાત્મા એક દેહ છોડીને બીજો દેહને ગ્રહણ કરે છે (૨) મૃત્યુ સતત પરિવર્તનશીલ પરિસ્થિતિની એક કેડી છે (૩) કષ્ટ અનિવાર્ય છે અને (૪) કષ્ટને સહર્ષ સ્વીકારવું જોઇએ એવી બાબતોથી બધા હિન્દુઓ પરિચિત હોય છે. મોટા ભાગના હિન્દુઓ પોતાની સાંસ્કૃતિક, સામાજિક, નૈતિક અને સાંપ્રદાયિક વિષયોના અગત્યના સિદ્ધાંતો તેમની કથા કરવાની પ્રથાથી પેઢી દર પેઢી કર્ણોપકર્ણ પહોંચતી કરે છે. આ પ્રથાના લીધે સામાન્ય અભણ હિન્દુ તે ભલે પછી ગ્રામીણ હોય તો પણ સિદ્ધાંતોથી પરિચિત હોય છે.

કથાની પ્રથા પ્રમાણે મંદિરોમાં દરરોજ કથા કરવામાં આવે છે. વ્યક્તિગત સંકલ્પ પ્રમાણએ લોકો દ્વારા પણ કથાનું આયોજન કરવામાં આવે છે જેમા પરિવારજનો, પાડોશીઓ, મિત્રો, વટેમાર્ગુઓ અને અને અન્ય કોઇ પણ ઇચ્છુક ઉપસ્થિત રહે તો તેને આકારવામાં આવે છે. સર માઇકલ સેડલર જેઓ એક જાણીતી બ્રિટીશ વિશ્વ વિદ્યાલયના કુલપતિ હતા તેઓ જયારે, પ્રથમ વિશ્વયુદ્ધના અંતિમ ચરણ દરમિયાન, બે વર્ષ માટે ભારત આવ્યા હતા અને ભારતની સંસ્કૃતિનો અભ્યાસ કર્યો હતો તે દરમિયાનના અનુભવોના આધારે તેઓએ નોંધ્યુ હતું કે એંસી ટકા ભારતીયો અભણ હોવા છતાં એક સામાન્ય હિન્દુ બુદ્ધિશાળી, સજાગ અને જીવનના મૂલ્યોથી અવગત તો અને પોતાના ધર્મની સારી રીતે જાણતો હતો, કારણ કે તેને આ બધી વિગતોની સમજ કથાની પ્રથા દ્વારા મળતી રહેતી હતી. લગભગ આવું જ તારણ બ્રિટીશ અને અમેરિકી સેનાના મનોવૈજ્ઞાનિક અને મનોચિકિત્સકોના એક દળે હિદુ સૈનિકો, જેઓ બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટીશરો સાથે ઇટાલી અને ઉત્તર આફ્રિકામાં લડતા હતા, તેની બાબતમાં આપ્યું હતું. આ દળના તારણ પ્રમાણે હિન્દુ સૈનિકો પ્રાથમિક શિક્ષણ કરતાં વધારે ભણેલા ન હોવા છતાં લડાઇ, કષ્ટ , ઇજાઓ અને મૃત્યુ બાબતમાં વિવેકી, સમતુલિત અને હકારાત્મક અભિવૃત્તિ દર્શાવતા હતા.

કથાની પ્રથાના લીધે મોટાભાગના હિન્દુઓ પોતાના સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે (૧) મૃત્યુ અંત નથી પણ જીવન-મૃત્યુની શ્રૃંઘળાની એક કડી છે, (૨) અનાસક્તિ અને ધ્યાન દ્વારા જટિલ દર્દ અને ગંભીર કષ્ટને પણ સહન કરી શકાય છે, (૩) દર્દ અને કષ્ટ અનિવાર્ય છે કારણ કે તે ભૌતિક સમસ્યાઓથી ઉદ્‌ભવે છે જેમના પર આપણું કોઇ નિયંત્રણ હોતું નથી, (૪) દર્દ અને કષ્ટને ઝીલવાનો શ્રેષ્ઠ ઉપાય તેને સહન કરવાનું છે, (૫) જયારે આપણે આપણા મન (મગજ)ને ઇશ્વરમાં પરોવીએ છીએ ત્યારે આપણે આપણા શારીરિક કષ્ટોને ભૂલી જવું સરળ બનાવીએ છીએ, (૬) આ રીતે પોતાનું મન (મગજ)ને કેળવવાનું બધાની ક્ષમતાના પરિઘમાં હોય છે, (૭) કોઇએ મૃત્યુથી ડરવાની જરૂર નથી અને (૮) જો આ જન્મમાં પૂણ્ય કર્યા હશે તો આવતા જન્મમાં સારું, સુખી જીવન પ્રાપ્ત થશે અને જો પાપ કર્યા હશે તો ઘણાં પુનર્જન્મોમાં સારા કર્મો કરવાની તક મળશે; અને તેવી બાબતોથી અવગત હોય છે.

(સમાપ્ત)

# સરકારી ચેતવણીને અવગણીને મોતને ભેટનારને સરકારી સહાય નહી મળે

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ

atopcl@gmail.com



કુદરતી આપત્તિઓના કારણે થતા મૃત્યુ અને નુકશાન અંગેની નવી સૂચનાઓ સરકારે બહાર પાડેલ છે જેમાં પૂરની ચેતવણી આપી કાંઢાના કિનારાના લોકોને નદિ-કિનારો ખાલી કરવાની તથા પૂરગ્રસ્ત વિસ્તારમાં ના જવા સૂચના આપવામાં આવી હોવા છતાં ત્યારબાદ કુદરતી આપત્તિનો ભોગ બની મોતને ભેટનારને હવેથી સરકારી સહાય આપવામાં આવશે નહી.

કુદરતી આપત્તિથી મૃત્યુ થાય તો સરકાર દ્વારા ૨ લાખ રૂપિયા વારસોને ચુકવવામાં આવતા હતા પરંતુ હવેથી પૂરગ્રસ્ત વિસ્તારમાં સરકારશ્રી દ્વારા જાહેર ચેતવણી આપવામાં આવી હોય તેમ છતાં ભોગ બનનારે વિસ્તાર ખાલી કરી સલામત જગ્યાએ ગયા ના હોય અને કુદરતિ આપત્તિનો ભોગ બની મોતને ભેટે તો તેમના વારસદારોને હવેથી સરકારી સહાય મળવા પાત્ર રહેતી નથી.

પરંતુ કુદરતિ આપત્તિના કારણે મૃત્યુ પામે તો સરકાર દ્વારા ૨ લાખ ચુકવવામાં આવશે જેમાં ૧.૫૦ લાખ ભારત સરકાર દ્વારા ચુકવવામાં આવશે અને ૫૦ હજાર રાજય સરકાર દ્વારા ચુકવવામાં આવશે.

નીચાણવાળા વિસ્તારોમ પુર અંગેની ચેતવણી આપી હોય અને સતેજ સ્થળ ખાલી કરવા માટે જણાવ્યું હોય છતાં તેનો અમલ કરવામાં ના આવે અને ત્યાં પૂરથી મૃત્યુ્ થાય તો તેમને સહાય નહી ચુકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એક હાસ્યાપદ નિર્ણયમાં પૂરમાં પાણીથી કોઈ વિસ્તાર ધોવાઈ ગયો હોય અને ત્યાં માંદગીથી મૃત્યુ પામે તો પણ સહાય નહી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પૂરની પરિસ્થિતિ જોવા આવનાર વ્યકિતનો પગ લપસે અને પૂરમાં તણાય કે મૃત્યુને ભેટે તો આવી વ્યકિતને પણ હવેથી સહાય આપવામાં આવશે નહી પૂરગ્રસ્ત વિસ્તારમાં પ્રવેશ બંધીની જાહેરાતબાદ કોઈ ઘટના બને અને મૃત્યુ પામે તો હવેથી વળતર કે સરકારી સહાય મેળવવા માટે વારસદારોને હક્ક, અધિકાર રહેશે નહિ.

ભારત સરકારે કુદરતી આપત્તિમાં મૃત્યુ પામનારને અને ઈજાના કિસ્સામાં સહાયના ધોરણોમાં સુધારા કર્યા બાદ રાજય સરકારે પણ નવા નિયમો સાથેનો ઠરાવ બહાર પાડયો છે.

આ ઠરાવ મુજબ હવે શીત લહેરને પણ કુદરતિ આપત્તિમાં સમાવેશ કરવામાં આવ્યુ્ છે કુદરતી આપત્તિમાં માનવ મૃત્યુના કિસ્સામાં હવે ભારત સરકાર દ્વારા દોઢ લાખ સહાય આપવામાં આવશે અને રાજય સરકાર દ્વારા ૫૦ હજાર ની સહાય મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આપવાનો નિર્ણય લેવાયો છે.

કુદરતિ આપત્તિ સમયે રાહત કે બચાવ કામગીરી કરતા કર્મચારી પણ જો આવી કામગીરી દરમ્યાન મૃત્યુ પામે તો તેમને પણ સહાય આપવાનું નક્કી કરાયું છે. કુદરતિ આફતના લીધે વિદેશમાં કોઈ ભારતીય નાગરિક પોતાની જીંદગી ગુમાવે તો તેને સહાય મળવાપાત્ર રહેશે નહી.

રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ઠરાવ મુજબ શીતલહેરને પણ કુદરતિ આપત્તિમાં સમાવેશ કરવામાં આવેલ છે જેના માટેના નવા માપદંડો રાજય સરકારે નક્કી કરેલ છે જેથી તેમાં થતા મૃત્યુ બાદ સહાય આપી શકાય નક્કી કરેલા માપદંડ મુજબ હિમપ્રપાત, હિમપ્રકોપથી પ્રભાવિત વિસ્તારોમાં જયાં સામાન્ય સંજોગોમાં પણ ૧૦ સે. કે તેથી ઉપરનું તાપમાન રહેતું હોય ત્યાં ૭ સે. થી નીચે તાપમાન રહેતુ હોય ત્યાં ૫ સે. થી નીચે તાપમાન જાય ત્યારે તે વિસ્તાર શિત વિસ્તાર માની તેમાં મૃત્યુ પામનારને સરકારી સહાય આપવામાં આવશે.

પરંતુ રાજય સરકારે ભયજનક પૂર કે નદિકાંઠે બન્ને કાંઠે વહેતો હોય તો નીચાણવાળા વિસ્તારમાં અને કાંઠા વિસ્તારમાં રહેતા વસાહતીને આવી પરિસ્થિતિમાં રહેણાંક વિસ્તાર ખાલી કરવા જાહેરનામું બહાર પાડી જાહેર ચેતવણી રેડિયો, લાઉડ સ્પીકર કે પત્રીકા મારફત બહાર પાડવામાં આવી હોય ત્યારબાદ પણ આવી ચેતવણીની ઉપેક્ષા કરી મોતને ભેટનાર વ્યકિત ના વારસદારો સરકારી સહાય મેળવવા પાત્ર રહેશે નહી તેવું સ્પષ્ટ આદેશમાં જણાવ્યું છે તેથી કૃદરતિ આપદામાં થતા મૃત્યુ અને ઈજા અંગેના નવા ઠરાવ રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યા છે જાહેર જનતાએ આ આદેશ પ્રમાણે જ વર્તન કરવું પડશે.